# જાહેર નોટીસ

મે.કલેકટરશ્રીના જાહેરનામુ ક્રઃડીસી/એમએજી/ગોડાઉન/એસ.આર/૨૩/૧૫ તા.૧૫/૪/૧૫ આધારે.

અમદાવાદ ગ્રામ્યના અસલાલી પોલીસ સ્ટેશન વિસ્તરમાં મોટા ગોડાઉનો કાર્ય રત છે. જે ગોડાઉનમાં બહારથી આવેલ માલ સામાન નો સંગ્રહ કરવામાં આવે છે.અને ગોડાઉનમાં કામ કરતા મોટાભાગના પરપ્રાંતના ઇસમો હોય છે.

આથી તમામ ગોડાઉન માલિકોને જણાવવામાં આવે છે કે,ગોડાઉનની અંદર તથા બહારના ભાગેવાહનોની નંબર પ્લેટ તથા અંદર બેઠેલ વ્યકતિઓ સ્પષ્ટ દેખાય તેવી ગુણવતા ધરાવતા સી.સી.ટી.વી કેમેરા ફરજીયાત પણે લગાવવા તેમજ ફુટેજ દિન-૩૦ સુધી સંગ્રહ કરવાનો રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત સામે ભારતીય દંડ સહિતા કલમ-૧૮૮ મુજબ શિક્ષાપાત્ર થશે.

પોલીસ ઈન્સ્પેકટર અસલાલી પોલીસ સ્ટેશન

(જી.પી.ચૌહાણ)
પોલીસ ઈન્સ્પેકટર
અસલાલી પો.સ્ટે.

## જાહેરનામું

## ફોજદારી કાર્યરિતી અધિનિયમસને:૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનું જાહેરનામું

નં. ડીસી/એમએજી/ગોડાઉન/એસ.આર. ૨૩/૧૫

કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,
સુભાષબ્રીજ સર્કલ, આશ્રમ રોડ,
અમદાવાદ. તા.૧૫/૦૪/૨૦૧૫

જાહેરનામું :-

અમદાવાદ ગ્રામ્ય જીલ્લા વિસ્તારમાં અસલાલી, સાણંદ, ચાંગોદર, ધોળકા, વીરમગામ ટાઉન, બોપલ વિગેરે પો.સ્ટે વિસ્તારોમાં મોટા ગોડાઉનો આવેલા છે. જે તમામ ગોડાઉનો હાલમાં કાર્યરત છે. જે ગોડાઉનોમા બહારથી માલસામાન લાવી સંગ્રહ કરવામાં આવે છે. અને આ ગોડાઉનોમાં કામ કરતા મોટાભાગના પરપ્રાંત ના ઇસમો હોય છે. જે ગોડાઉન તેમજ ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે સંકળાયેલ છે. અને આ ગોડાઉનો ઉપર વોચમેનોની સંખ્યા નહિવત હોવાને કારણે ચોરી લુંટ તથા ધાડ જેવા ગોડાઉનમાં સલામતી બાબતે સિક્યુરીટી ગાર્ડ (વોચમેન) રાખવામાં આવે તેની વિગતો સબંધીત પો.સ્ટે.માં. જાણ કરવા અંગે તેમજ ગોડાઉન ની અંદર તથા બહારના ભાગે બહારથી આવતા તથા જતા વાહનોની નંબરપ્લેટ અને તેમાં બેઠેલ વ્યક્તિઓ સ્પષ્ટ રીતે દેખાય તે રીતે ની ગુણવત્તા ધરાવતા સી.સી.ટી.વી કેમેરા ફરજીયાતપણે લગાવવા અને તેનો ફૂટેજ દિન-૩૦ સુધી સંગ્રહ કરવાનો રહેશે. આથી આવી પ્રવૃતિ આચરતા ઇસમો તેમજ આવાં ઈસમોને લાવનાર મુકાદમો અથવા કોન્ટ્રાકટરો ઉપર આવશ્યક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું એ.બી.ગોર, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ જિલ્લો, ફોજદારી કાર્યરિતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂઇએ પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયના અમદાવાદ જિલ્લાની ગ્રામ્ય વિસ્તાર ની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં અમલવારી કરવા જાહેરનામું બહાર પાડું છું.

આ હુકમ તા. ૧૯/૦૪/૨૦૧૫ થી તા. ૧૭/૦૬/૨૦૧૫ સુધી (બંને દિવસો સહિત)૬૦ દિવસ માટે અમલમા રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહીતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ તા.૧૭/૦૪/૨૦૧૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે હુકમ કરવામાં આવ્યો.

૧૭/૪/૧૫

(એ.બી.ગોર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
અમદાવાદ

નકલ રવાના :-

૧) પોલીસ અધિક્ષકશ્રી, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ.
   ૨/- સદરહુ જાહેરનામાની નકલો તમામ પોલીસ સ્ટેશને પહોંચાડવા તથા અમલ કરાવવા સારુ.

૨) સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી સીટી પૂર્વ પ્રાંત/સીટી પશ્ચિમ પ્રાંત/દશક્રોઈ/ સાણંદ/ વિરમગામ/ ધોળકા/ધંધુકા જિ. અમદાવાદ .

૩) વિભાગીય પોલીસ અધિકારીશ્રી, ધોળકા, વિરમગામ, સરખેજ.

૪) એક્ઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ અમદાવાદ અસારવા સીટીપૂર્વ/ મણિનગર સીટીપૂર્વ/ નારોલ સીટીપૂર્વ/ ઘાટલોડીયા ગ્રીટીપશ્ચિમ/ સાબરમતી સીટીપશ્ચિમ/ વેજલપુર સીટીપશ્ચિમ/ દસક્રોઈ/ ધોળકા/ વિરમગામ/ સાણંદ/ માંડલ/ દેત્રોજ/ ધંધુકા/ બાવળા

નકલ સાદર રવાના જાણ સારુ :-

૧) સચિવશ્રી, ગૃહવિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, અમદાવાદ.
૩) રજિસ્ટ્રારશ્રી, અમદાવાદ (ગ્રામ્ય) કોર્ટ, ન્યાય મંદિર, મિરઝાપુર, અમદાવાદ.
૪) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, અમદાવાદ મહાનગરપાલિકા, અમદાવાદ

ક્રમાંક : આવક/જાવક ...૬૧૯...../૨૦૧૫
પોલિસ ઈન્સ્પેક્ટર
એસ.ઓ.જી. કચેરી અમદાવાદ રૂરલ
અમદાવાદ ૧૯/૪/૧૫

નકલ રવાના :-

૧) સંયુક્ત માહિતી નિયામકશ્રી, પોલીટેકનીક કોલેજ કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ
   ૨/-સદરહુ હુકમની બહોળી પ્રસિધ્ધિ ધરાવતા દૈનિકોમાં વિનામુલ્યે પ્રસિધ્ધ કરાવવા સારુ.

૨) મેનેજરશ્રી, સરકારી પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ, વડોદરા તરફ.
   ૨/- સદરહુ હુકમ ગેઝેટ ભાગ -૧માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો મોકલી આપવા સારુ.